

ઓલ ગુજરાત રાજ્ય મધ્યાહ્‌ન ભોજન કર્મચારી મંડળ દ્વારા સે. ૬ મેદાનમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પડતર પ્રશ્નોની રજૂઆત સંદર્ભે ચર્ચા કરવામાં આવી હતી. મોટી સંખ્યામાં કાર્યકરોએ ઉપસ્થિત રહી સભાને સફળ બનાવી હતી. (તસવીર : કશ્યપ નિમાવત)

# ટ્રાફિક પોલીસે શહેરમાંથી ૧૫૪ ગાડીઓ પરથી લાલ-પીળી લાઈટો ઉતરાવી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસે છેલ્લા ૧૫ દિવસમાં ગાંધીનગર શહેરમાંથી કુલ ૧૫૪ વાહનો પરથી લાલ અને પીળી લાઈટો હટાવી ભારે સપાટો બોલાવી દીધો હતો.

ગાંધીનગર જિલ્લા ટ્રાફિક પોલીસ દ્વારા છેલ્લા ઘણા સમયથી વાહનચાલકો સામે લાલ આંખ કરી વાહનચેકીંગ હાથ ધરવામાં આવી રહ્યું છે. દરમ્યાન નિયમ વિરૂદ્ધની લાલ-પીળી લાઈટો લગાવીને ફરતા ૧૫૪ જેટલા અધિકારીઓ અને પદાધિકારીની ગાડીઓ પર લગાવેલી લાલ-પીળી લાઈટો ઉતારી લેવામાં આવી છે. અને તમામ વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. જેને લઈ નિયમ વિરૂદ્ધ લાલ પીળી લાઈટો ગાડીઓ પર લગાવીને રોલો મારતા લોકોમાં હાલ ફફડાટ જોવા મળી રહ્યો છે.

# સિગારેટ તથા તમાકુની બનાવટોના બંધાણીઓની મજબુરીનો લાભ ઉઠાવતા વેપારીઓ

## ભાવ વધારો તાત્કાલિક ધોરણે અમલી બની ગયો, ટેક્ષનો વધારો રાઉન્ડ ફીગરમાં ગણી લેવાય છે

ગાંધીનગર, તા. ૧૩

સંસદમાં રજુ થયેલા બજેટમાં સિગારેટ તથા તમાકુની બનાવટો ઉપર ટેક્ષ વધારો જાહેર કરાયો છે. જેનો અમલ વેપારીઓએ બીજા જ દિવસથી કરી દેતા આ તમામ બનાવટોમાં હાલ વધારો કરી દેવાયો છે. બંધાણીઓની મજબૂરીને કમાણીમાં પરિવર્તિત કરતાં વેપારીઓ વધારાને રાઉન્ડ ફીગરમાં ગણી અનેક ગણો નફો રળી રહ્યા છે. જેથી બંધાણીઓના માસિક ખર્ચમાં બમણાથી વધુ વધારો થઈ ગયો છે અને તેમની હાલત દયનીય બની ગઈ છે. જો કે કેટલાક સંયમી બંધાણીઓએ પોતાની આદતમાં કાપ મુકી આ વધારાને સરખો કરવાનો પ્રયત્ન શરૂ કરી દીધો છે.

દેશના રજુ થયેલા બજેટમાં સૌથી વધારે ટેક્ષ સિગારેટ ઉપર વધારાયો છે. જેમાં સિગારેટને લગભગ સાત ગણી મોંઘી કરી દીધી છે. જે ૧૧ ટકા ડ્યુટી હતી તેને ૭૨ ટકા કરવામાં આવી છે. પાન મસાલા પર ૧૨ થી વધીને ૧૬ ટકા, તમાકુ ઉત્પાદન પર ૫૦ થી ૫૫ ટકા અને ગુટખા પર ૬૦ થી વધારીને ૭૦ ટકા ડ્યુટી કરવામાં આવી છે. જેનો સીધો ઉદ્દેશ લોકોને તમાકુથી દૂર રાખવાનો છે. પરંતુ બંધાણીઓ તાત્કાલીક ધોરણે આ વ્યસનો છોડી શકે તેમ ન હોઈ હાલ તેનો સીધો લાભ હોલસેલર્સ અને રીટેલર્સ મેળવી રહ્યા છે. બજેટના બીજા જ દિવસથી આ ભાવ વધારો અમલી કરી દઈ વેપારીઓએ બંધાણીઓના ખિસ્સા ઉપર તરાપ મારી દીધી છે.

ટેક્ષની ગણતરી રાઉન્ડ ફીગરમાં થતી ન હોવા છતાં વેપારીઓએ સિગારેટ તથા તમાકુની બનાવટો ઉપર રાઉન્ડ ફીગરમાં વધારો કરી દઈ બંધાણીઓની મજબૂરીનો લાભ ઉઠાવી લીધો છે. દા.ત. સીગારેટમાં ૪ રૂપિયાને ૩૫ પૈસા વધતા હોય તો વેપારીઓએ રાઉન્ડ ફીગર રૂ. પાંચ કરી દઈ તેમની આવક વધારી દીધી છે. આ રીતે તમાકુની બનાવટોમાં પણ બનવા પામ્યું છે. જો કે બંધાણીઓએ પોતાના બજેટને સરખુ કરવા સંયમ રાખવાનો પ્રયત્ન શરૂ કરી દીધો છે. જેથી કેટલાક વેપારીઓનું કહેવું છે કે ભાવ વધારાથી ઘરાકીમાં ચોક્કસ અસર વર્તાઈ છે. તેમજ ગુટખા ઉપરના પ્રતિબંધ પછી અલગ અલગ પેકીંગમાં આ ગુટખા વેચાણ થતી હતી.

સોપારીમાં પણ વધેલા ભાવથી ગુટખા બંધ કરી મસાલા (માવો) ખાતા બંધાણીઓ ફરીથી ગુટખા તરફ વળી જશે કારણ કે હાલ મસાલાના ભાવમાં રૂ. ૨ નો વધારો કરી દેવાયો છે. બંધાણીઓનું કહેવું છે કે સરકાર ભાવવધારી કાળા બજારને પ્રોત્સાહન પુરૂ પાડી રહી છે. જેમાં રાજ્યમાં દારૂબંધી હોવા છતાં દારૂનો ઉપયોગ બેફામ થાય છે તે સ્થિતિનું નિર્માણ થવા પામ્યું છે.

# ગુજરાતના દરિયાકાંઠાને લગતું સૌપ્રથમ ફોટો પ્રદર્શન

## ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ૧૫ થી ૧૮ જુલાઈ દરમિયાન પ્રદર્શનનું આયોજન


ગાંધીનગર, તા. ૧૪

ગુજરાત ઈકોલોજી કમિશન દર વર્ષે વિશ્વ પર્યાવરણ દિવસને ધ્યાને લઈ અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા લોકજાગૃતિ લાવવાનો પ્રયત્ન કરે છે. ચાલુ વર્ષે ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા ફોટોગ્રાફી પ્રતિયોગીતાનું વિશેષ આયોજન કરવામાં આવેલ. ગુજરાત રાજ્યમાં દરિયાકિનારાને કેન્દ્ર સ્થાને રાખી ફોટોગ્રાફી પ્રતિયોગીતાનું આયોજન પ્રથમ વખત જ કરવામાં આવેલ. સંયુક્ત રાષ્ટ્રે ચાલુ વર્ષના વિશ્વ પર્યાવરણ દિવસને 'Raise Your Voice, Not tha See Level' ની થીમ પર ઉજવવાનું નક્કી કરેલ છે. જેને ધ્યાને લઈ ગુજરાતના દરિયાકિનારાને લગતા ત્રણ વિષયો (૧) ગુજરાતના દરિયાકાંઠાનું જૈવિક વૈવિધ્ય (૨) સમુદ્ર સપાટીમાં વધારો અને તેની અસર (૩) દરિયાકાંઠાના લોકોનું જીવન જેવા વિષયોની પસંદગી કરી તેને લગતા ફોટોગ્રાફ્સ મોકલવાનું આહ્‌વાન ગુજરાતના તમામ રસ ધરાવનારને ગુજરાત ઈકોલોજી કમિશન દ્વારા અપાયેલ હતું.

ફોટોગ્રાફી પ્રતિયોગીતામાં ફોટોગ્રાફ્સ મોકલવાની મર્યાદા જૂન-૧૫, ૨૦૧૪ સુધી રાખવામાં આવેલ. આ અંગે સમાચારપત્રો તથા સોશ્યલ મીડીયા ઉપર બહોળા પ્રમાણમાં જાહેરાત કરવામાં આવેલ હતી. આ પ્રતિયોગીતામાં ગુજરાતભરના કુલ ૫૦ પ્રતિયોગીઓએ ભાગ લીધો હતો.

પ્રતિયોગીતામાં આવેલ ફોટોગ્રાફસનું ત્રણ નામાંકિત વરિષ્ઠ ફોટોગ્રાફસની નિર્ણાયક પેનલ દ્વારા છણાવટ કરવામાં આવેલ. નિર્ણાયક પેનલના આ સભ્યોમાં (૧) વર્ષોથી વન્યજીવોની ફોટોગ્રાફી કરનાર અને દેશ-વિદેશના અનેકવિધ એવોર્ડ વિજેતા વરિષ્ઠ ફોટોગ્રાફર શ્રી સનત શોધન (૨) ઈન્ડિયા ટુડે ગ્રૃપ સાથે વર્ષોથી ફોટોગ્રાફર તરીકે સંકળાયેલા શ્રી શૈલેષ રાવલ અને (૩) દરિયાઈ જીવસૃષ્ટિ પર ઘણા વર્ષોથી ફોટોગ્રાફી કરનાર શ્રી વિનોદ ગજ્જરે સેવાઓ આપી હતી.

પ્રતિયોગીતામાં વિજેતા થયેલ ફોટોગ્રાફસનું અને અન્ય ફોટોગ્રાફસમાંથી છણાવટ કરાયેલા ૫૦થી વધુ સુંદર ફોટોગ્રાફસનું પ્રદર્શન તારીખ ૧૫ થી ૧૮ જુલાઈ ૨૦૧૪ દરમિયાન એલ.પી. હઠીસીંગ વિઝ્યુઅલ આર્ટ ગેલેરી, સેપ્ટ યુનિવર્સિટી કેમ્પસ, અમદાવાદ ખાતે ગોઠવવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન ગુજરાત રાજ્યના મંત્રી શ્રી ગોવિંદભાઈ પટેલ (રાજ્યકક્ષા), વન અને પર્યાવરણના હસ્તે કરવામાં આવનાર છે. પ્રદર્શનના ઉદ્‌ઘાટનની સાથોસાથ વિજેતા પ્રતિયોગીઓને સન્માન તથા ઈનામ વિતરણ કરવાનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ પ્રદર્શન જાહેર જનતા માટે તારીખ ૧૫ થી ૧૮ જુલાઈના રોજ બપોરે ૧૨.૦૦ થી સાંજે ૮.૦૦ દરમિયાન તથા તા. ૧૬ તથા ૧૭ જુલાઈના રોજ બપોરે ૪.૦૦ થી સાંજે ૮.૦૦ કલાક દરમિયાન ખુલ્લુ રહેશે. જેનો લાભ લેવા જાહેર જનતાને ગુજરાત ઈકોલોજી કમિશનર દ્વારા આમંત્રણ છે તથા આ પ્રદર્શનને સફળ બનાવવા જણાવવામાં આવેલ છે.



ચિલોડા ચાર રસ્તા પાસે આવેલ અક્ષર શોપીંગમાં ક્રિશ્ના રેડીમેડ સ્ટોર્સમાં આજે વહેલી સવારે શોર્ટ સર્કીટના કારણે આગ લાગી હતી. જો કે આ આગની તુરંત જાણ થતા જ નજીકમાં આવલા પોલીસ સ્ટેશનના સ્ટાફે એકઠા થયેલા ગ્રામજનોની મદદથી ઝડપથી આગને બુઝાવી દેતા લાખોનું નુકશાન થતા બચી જવા પામ્યું હતું. (તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

## સે. ૫-એ માં શિવધૂન-સુંદરકાંડનું આયોજન

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગરના સે. ૫-એ માં આવેલ શ્રી શિવશક્તિ મંદિરના પ્રાંગણમાં વરૂણદેવને રીઝવવા શિવધૂન અને સુંદરકાંડના સંગીતમય પાઠનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ કન્હૈયાલાલ મહારાજની વ્યાસપીઠે તા. ૧૫મી જુલાઈ મંગળવારે રાત્રે ૮.૦૦ વાગે રાખવામાં આવેલ છે. આ ધાર્મિક કાર્યક્રમમાં ભાગ લેવા માટે પંચમુખી મહાદેવ ટ્રસ્ટ દ્વારા ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

## સે. ૨૧માં ગોવર્ધનનાથજીની હવેલીએ હિંડોળા મનોરથનું આયોજન

ગાંધીનગરના સે. ૨૧માં આવેલ સુપ્રસિદ્ધ ગોવર્ધનનાથજીની હવેલી ખાતે તા. ૧૩મી જુલાઈથી હિંડોળા મનોરથ પ્રારંભ કરવામાં આવ્યા છે. આ હિંડોળા મનોરથ તા. ૧૧મી ઓગષ્ટ શ્રાવણ વદ-એકમ સુધી ચાલશે. આ સમગ્ર દિવસો દરમ્યાન દરરોજ સાંજે ૫ થી ૫.૩૦ વાગ્યા સુધી સુરંગ હિંડોળાના દર્શન કરી શકાશે. જ્યારે અન્ય હિંડોળાના દર્શનનો સમય સાંજે ૬.૩૦ થી ૭.૧૫નો રહેશે. આ કલાત્મક અને ભવ્ય હિંડોળાના દર્શન કરવા તમામ ધર્મપ્રેમી જનતાને જાહેર આમંત્રણ આપવામાં આવ્યું છે.

# શિક્ષણ બોર્ડનો રેમેડિયલ પરીક્ષાનો પ્રયોગ નિષ્ફળ

## સેમેસ્ટર-૩-૪માં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને વધુ એક તક આપવા માટે રેમેડિયલ પરીક્ષાનો નવતર પ્રયોગ થયો

અમદાવાદ, તા.૧૪

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષામાં સેમેસ્ટર-૩ અને ૪માં ગેરહાજર રહેલા વિદ્યાર્થીઓને વધુ એક તક આપવા માટે આ વર્ષે રેમેડિયલ પરીક્ષાનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. જો કે આ પ્રયોગ કરવામાં આવ્યો હતો. જો કે આ પ્રયોગ સંપૂર્ણપણે નિષ્ફળ રહ્યો છે. શિક્ષણ બોર્ડ દ્વારા આ વર્ષે શરૂ કરાયેલા રેમેડિયલ પરીક્ષાની વિગતો વિદ્યાર્થીઓ સુધી યોગ્ય રીતે ન પહોંચતા અને બોર્ડના પરિણામ તથા નવી પરીક્ષા વચ્ચે તૈયારીનો સમય ઓછો જળાતા વિદ્યાર્થીઓ તરફથી રેમેડિયલ પરીક્ષા પ્રત્યે દુર્લક્ષ સેવા પરીક્ષાથી અલિપ્ત રહ્યા હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ શિક્ષણ બોર્ડ દ્વારા લાંબી વિચારણા બાદ આ વર્ષે પ્રથમ વખત રેમેડિયલ પરીક્ષાનો પ્રયોગ કરાયો હતો. જે અંતર્ગત રાજ્યના ૭ પરીક્ષા કેન્દ્રો પરથી ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહનાં સેમેસ્ટર-૩ની પરીક્ષા લેવાઈ ચુકી છે જ્યારે સેમેસ્ટર-૪ની રેમેડિયલ પરીક્ષાનું આવતીકાલે છેલ્લુ પેપર છે. જો કે આ પરીક્ષાના તમામ પેપરમાં સરેરાશ ૨૦ થી ૨૫ જેટલા જ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેતા સમગ્ર આયોજન નિષ્ફળ રહ્યું છે. રાજ્યનાં તમામ પરીક્ષા કેન્દ્રોએ માત્ર ચારથી પાંચ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેતા શિક્ષણ બોર્ડને પરીક્ષા ખર્ચ પણ માથે પડે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. શિક્ષણ બોર્ડ દ્વારા વિદ્યાર્થીઓ પાસેથી પરીક્ષા ફી પેટે માત્ર રૂા. ૩૦૦ લેવામાં આવે છે જ્યારે રેમેડિયલ પરીક્ષા માટે શિક્ષણ બોર્ડને સ્થળ સંચાલક, સુપરવાઈઝર, પરીક્ષા કેન્દ્ર પર પોલીસ બંદોબસ્ત, પેપર આપવા અને લેવા જવા માટેની ગાડીનો ખર્ચ, સિક્યુરીટી ગાર્ડનો પગાર, અધિકારીઓનો ચાર્જ, ઓબ્ઝર્વરનો પગાર સહિતના ખર્ચા ચુકવવા પડે છે જેનાં કારણે રેમેડિયલ પરીક્ષામાં પૂરતા વિદ્યાર્થી ઉપસ્થિત ન રહેતા સમગ્ર ખર્ચ માથે પડે તેવી સ્થિતિ સર્જાઈ છે.







કડી સર્વ વિશ્વવિદ્યાલય સંચાલીત એલ.ડી.આર.પી. કોલેજ, સેક્ટર-૧૫ ખાતે તા. ૧૪ અને ૧૫ જુલાઈના રોજ 'થેલેસીમીયા' અવરનેશ કાર્યક્રમનું આયોજન ઈન્ડિયન રેડક્રોસ દ્વારા કરવામાં આવ્યું છે. તા. ૧૬મી ના રોજ આ જ સ્થળે થેલેસીમીયા ચેકીંગ કેમ્પ પણ રાખવામાં આવનાર છે. જાણીતા સમાજસેવક અને ૧૨૨ વખત રક્ત આપનાર રક્તદાતા શ્રી સુકેતુ મહેતા દ્વારા (થેલેસીમીયા) પર વિશેષ માહિતી આપવામાં આવશે. (તસવીર : કશ્યપ નિમાવત

# પ્રતાપપુરા (બાલવા)માં સત્વરે રોડ બનાવવા માંગ

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ પ્રતાપપુરા (બાલવા) ગામે રોડ બનાવવાની માંગણી બળવત્તર થવા પામી છે. આ રોડ પર પ્રતાપુરા સહિત રામપુરા અને ઈટલાના ટ્રાફિકનું પ્રમાણ વધુ હોવાથી તેમજ આ ગામથી બાલવાનું અંતર પણ ખૂબ ઓછું હોવાથી અવરજવરનું પ્રમાણ વધુ રહે છે. વર્ષ ૨૦૧૦-૧૧માં જિલ્લા પંચાયતમાં આ બાબતે આવેદનપત્ર પણ આપવામાં આવેલ હોવા છતાં હજુ સુધી આ બાબતે કોઈ કાર્યવાહી ન કરાઈ હોવાથી ગ્રામજનોમાં આક્રોશ ફેલાવા પામ્યો છે. બાલવામાં વિવિધ બેંકો, શાળાઓ, ટેલીફોન એકસચેન્જ તેમજ દવાખાનાની સુવિધા ઉપલબ્ધ હોવાથી પ્રતાપપુરાના ગ્રામજનોને વારંવાર ત્યાં જવું પડે છે તેથી આ રોડને સત્વરે બનાવવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

## રતનપુરમાં રાજીવ ગાંધી પંચાયત ભવનનું ખાતમુર્હુત કરાયું

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર તાલુકાના રતનપુર ગામે આજે રાજીવ ગાંધી પંચાયત ભવનની ખાતમુર્હુત વિધિ સંપન્ન કરાઈ હતી. આ કાર્યક્રમ પૂર્વ કારોબારી ચેરમેન અરવિંદસિંહ સોલંકી, તાલુકા સદસ્ય કાળુસિંહ ઠાકોર તેમજ સરપંચ અંતરબેનના હસ્તે યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં પંચાયતના સભ્યો કરણસિંહ, રતનસિંહ, પ્રવિણસિંહ, વિક્રમસિંહ તેમજ અર્જુનસિંહ, નટુભા, પ્રવિણસિંહ વગેરે ઉપરાંત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યાં હતાં.

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪

સૂર્યાસ્ત : ૭.૨૬

## તાપમાન

મહત્તમ : ૩૬.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૭.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૮૦ ટકા ● સાંજે ૫૦ ટકા

## મનોરંજન

### સીટી પલ્સ

: સ્ક્રીન-૧ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૨ :

એક વિલન : ૧૦.૦૦

: સ્ક્રીન-૩ :

ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) ૪.૧૫, ૭.૦૦, ૯.૪૫

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

સ્ક્રીન-૪ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

બોલીવુડ વીલા : ૧૨.૩૦

બોબી જાસૂસ : ૪.૦૦, ૧૦.૦૦

દુષ્યમ (તેલુગુ) : ૭.૦૦

: સ્ક્રીન-૫ :

એક વિલન : ૧૨.૧૫, ૩.૩૦

બોબી જાસૂસ : ૬.૩૦

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૦૦

### સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ડાઉન ઓફ ધી પ્લાન્ટ ઓધ ધી એપસ (૩ડી) (અંગ્રેજી) : ૧૦.૦૦, ૪.૪૫, ૭.૪૦, ૧૦.૩૫

ટ્રાન્સફોર્મર (૩-ડી) હિન્દી : ૧.૨૫

: સ્ક્રીન-૨ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૮.૩૦ (સવારે), ૮.૩૦ (સાંજે)

એક વિલન : ૧૧.૩૦, ૫.૪૫

સાથીયો ચલો ખોડલધામ (ગુજ.) ૨.૨૫

: સ્ક્રીન-૩ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૪ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦

: સ્ક્રીન-૨ :

સાથીઓ ચાલો ખોડલ ધામ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

સ્ક્રીન-૨ :

હંપટી શર્મા કી દુલ્હનીયાં : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦

## આપની આજ

**મેષ** : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય પસાર થશે. ખાનપાનમાં ધ્યાન રાખવું. મિત્ર, સંતાન પક્ષ સંબંધી, વગેરે જેવા જવાબદારી ભર્યા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકશે.

**વૃષભ** : વિશેષ ભાગ્યવર્ધક કાર્યોથઈ શકશે. કર્મક્ષેત્રમાંવિશેષ ભાગ્યવર્ધક યાત્રા પ્રવાસ થશે. વ્યાપારમાં ગહન શોધ સંબંધી કાર્ય થશે. નવા કાર્યોમાં સફળતા પ્રાપ્તી થવાનો યોગ.

**મિથુન** : પદોન્નતિ, ભૂમિ, મકાન, વાહન સંબંધી લાભ પ્રાપ્તિનો વિશેષ યોગ. ધાર્મિક આયોજનોમાં ભાગ લેવાનુંથશે. અટવાયેલા પ્રશ્નોનું નિરાકરણ મળી શકશે.

**કર્ક** : શોધપૂર્ણ કાર્યોથી વિશેષ લાભ પ્રાપ્ત થઈ શકશે. ધર્મ આધ્યાત્મ સંબંધી ગહન શોધ કાર્ય થઈ શકે છે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ વૃદ્ધિ થતી જણાય.

**સિંહ** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ થશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવનાઓ છે. ઋતુ પ્રમાણે આહાર લેવો. મનોરંજન, આમોદ-પ્રમોદ સંબંધી વિશેષ યોગ.

**કન્યા** : સંતાન અને ઐશ્વર્ય પર ખર્ચ સંતોષ આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ધાર્મિક યાત્રાઓ થઈ શકશે. સમાજિકક્ષેત્રમાં પદ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

**તુલા** : પરાક્રમની પ્રશંસાને કારણે પાસે આવનારા વ્યક્તિઓની અધિકતા રહેશે. નવા કાર્યોમાં ભાગદોડમાં વધારો થશે. ધર્મ, આધ્યાત્મ સંબંધી માંગલિક કાર્યોમાં વિશેષ યાત્રાનો યોગ.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. નવા સંબંધ બનશે. વાહન ખરીદવાની સંભાવના છે .પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંબંધો પ્રત્યે વિશેષ સાવધાની રાખવી જરૂરી રહેશે.

**ધન** : સામાજિક ક્ષેત્રે લાભ મળી શકે છે. કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ થઈ શકે છે. મતભેદોથી દૂર રહીને શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

**મકર** : તમારી ઈચ્છાઓ તેમજ મહત્વકાંક્ષા પૂર્ણ ખશે. મૂડી રોકાણમાં લાભ થવાની સંભાવના છે. વિચારેલું કાર્ય સમય પર થશે. વિશેષ સહયોગ, માર્ગદર્શન મળશે.

**કુંભ** : મિત્રોનો સહયોગ અને આશ્વાસન મળશે. વિશેષ ઉન્નતિકારક યોગોને કારણે મન પ્રસન્ન રહેશે. જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. ગુસ્સા પર કાબુ રાખવો.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થઈ શકશે. કુટુંબમાં સારું વાતાવરણ મનને પ્રસન્નતા આપશે. ભૌતિક સુખની પ્રાપ્તિ થશે. સ્વાધ્યાયમાં રુચિ વધશે. સુખદ સમાચાર મળશે.

## ચિરવિદાય

● સ્વ. વલ્લભભાઈ ચુનીલાલ ખમાર (ઉ.વ.૮૬) પ્લોટ નં. ૭૪૧, સેક્ટર-૨૨, ગાંધીનગર.